# સ્નાનસંસ્કારક યોહાન
## ફાધર વગીર્સ પૉલ

બાઇબલમાં જુના કરાર અને નવા કરાર વચ્ચે કોઇ કડીરૂપ પાત્ર હોય તો તે છે સ્નાનસંસ્કારક યોહાન. તેમને જુના કરારના છેલ્લા પયગંબર ગણવામાં આવે છે. નવા કરારમાં તેઓ ઇસુના છડીદાર છે. વળી, તેઓ ઇસુનાં માસી એલિસાબેતનો દીકરો છે. તેઓ 'હૃદયપલટો કરો અને સ્નાનસંસ્કાર પામો'ની ઘોષણા કરતા હતા તેમણે` ઇસુને યર્દન નદીમાં સ્નાનસંસ્કાર આપ્યો હતો, એટલે એમનું નામ "સ્નાનસંસ્કારક યોહાન" પડયું છે.

સ્નાનસંસ્કારક યોહાન વિશે એમના જન્મથી માંડી મૃત્યુ સુધી સારી એવી માહિતી ચારેય શુભસંદેશોમાંથી મળે છે. યોહાનના પિતાનું નામ ઝખરિયા અને માતાનું નામ એલિસાબેત છે. તેમના વિશે સંત લૂક લખે છે, "બંને પ્રભુની બધી આજ્ઞાઓનું તથા વિધિઓનું દોષ વગર પાલન કરતાં હતાં. એટલે ઇશ્વરની નજરમાં ધર્મિષ્ઠ હતા" (લૂક ૧,૬).

સંત લૂકકૃત શુભસંદેશ યોહાનના જન્મની વાત કરવા સાથે તેમને એક પયગંબર તરીકે ચીતરે છે. મરિયમને ઇસુના જન્મની વધામણી આપતી વખતે દેવદૂત ગાબ્રિયેલે મરિયમને વધુમાં કહે છે, "અને જો, તારી સગી એલિસાબેતને પણ ઘડપણમાં ગર્ભ રહ ા ો છે, અને જે વાંઝણી કહેવાતી હતી એને અત્યારે છઠ્ઠો મહિનો ચાલે છે, કારણ, ઇશ્વરને કશુંય અશકય નથી" (લૂક ૧, ૩૬-૩૭).

સગી એલિસાબેતને ઘડપણમાં ગર્ભ રહ્યાની વાત સાંભળીને મરિયમ એમને મળવા ગયાં. "થોડા જ વખતમાં મરિયમ યહૂદિયાના પહાડી પ્રદેશમાં આવેલા એક ગામમાં જવાને ઉતાવળાં ઉતાવળાં નીકળી પડયાં. ઝખરિયાના ઘરમાં જઇને તેમણે એલિસાબેતને વંદન કર્યાં. મરિયમનાં વંદન સાંભળતાં જ એલિસાબેતના પેટમાંનું બાળક ફરકયું, અને એલિસાબેત પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને મોટે સાદે બોલી ઊઠી, "સૌ સ્ત્રીઓમાં તું ધન્ય છે અને ધન્ય છે તારી કૂખનું બાળક! હું તે કેવી ભાગ્યશાળી કે મારા પ્રભુની માતા મને મળવા આવી! અને વાત તો સાંભળ, જેવા તારાં વંદનના શબ્દ મારે કાને પડયા કે તરત જ મારા પેટમાંનું બાળક આનંદથી ફરકયું!" (લૂક ૧, ૩૯-૪૪). "મરિયમ લગભગ ત્રણ મહિના એલિસાબેત સાથે રહ્યાં અને પછી પોતાને ઘેર પાછાં ગયાં" (લૂક ૧, ૫૬).

બધા શુભસંદેશકારોમાં ફકત લૂક જ સ્નાનસંસ્કારક યોહાનના જન્મની વાત કરે છે. "હવે, એલિસાબેતનો પ્રસૂતિકાળ આવી પહોંચ્યો અને તેણે પુત્રને જન્મ આપ્યો. પ્રભુએ તેના ઉપર કેવી કૃપા કરી છે એ જયારે તેનાં પાડોશીઓએ અને સગાંવહાલાંઓએ જાણ્યું ત્યારે તેઓ પણ આનંદ પામ્યાં.

"પછી આઠમે દિવસે તેઓ બાળકની સુન્નત કરવા આવ્યાં, અને તેઓ એનું નામ એના બાપ ઉપરથી ઝખરિયા પાડવા જતાં હતાં ત્યાં એની મા બોલી ઊઠી, 'નહિ! એનું નામ યોહાન પાડવાનું છે.' એ લોકોએ કહ્યું, 'પણ તમારા કુટુંબમાં એ નામનું કોઇ નથી!'

"પછી તેઓએ તેના બાપને ઇશારત કરીને પૂછયું કે, 'શું નામ પાડવાની તમારી ઇચ્છા છે?'

"એટલે તેણે એક પાટી મંગાવીને તેના ઉપર લખ્યું, 'એનું નામ યોહાન છે.' બધા અચંબો પામ્યા. તે જ ક્ષણે તેને ફરી વાચા ફૂટી અને તે ઇશ્વરની સ્તુતિ કરવા લાગ્યો. બધાં અડોશીપડોશીઓ ભયભીત થઇ ગયાં, અને યહૂદિયાના પહાડી પ્રદેશમાં સર્વત્ર આ આખી વાત ચર્ચાનો વિષય થઇ પડી. જેમણે જેમણે આ વાત સાંભળી તેઓ બધાં મનમાં ને મનમાં વિચાર કરવા લાગ્યા કે, આ છોકરો કેવો નીકળશે? કારણ, સાચે જ એના ઉપર પ્રભુનો હાથ હતો. એનો બાપ ઝખરિયા પવિત્ર આત્માની પ્રેરણાથી સભર બનીને બોલી ઊઠયો:

"ઇસાયલના ઇશ્વર પ્રભુને ધન્ય હો! એણે પોતાની પ્રજા ઉપર કૃપાદૃષ્ટિ કરી તેને મુકત કરી છે. ....

"એ બાળક મોટો થતો ગયો તેમ તેની આધ્યાત્મિક શકિત વધતી ગઇ અને ઇસાયલ આગળ પ્રગટ થવાનો વખત આવ્યો ત્યાં સુધી તે વગડામાં રહ્યો" (લૂક ૧, ૫૭-૬૮; ૮૦).

માર્કકૃત શુભસંદેશ સ્નાનસંસ્કારક યોહાન અંગેની ભવિષ્યવાણીથી શરૂ થાય છે અને તરતજ છડીદારના પોકાર સંભળાય છે. સ્નાનસંસ્કારક યોહાન હૃદયપલટો કરવા અને સ્નાનસંસ્કાર પામવા લોકોને અનુરોધ કરતા હતા (માર્ક ૧,૪).

માકેર્ ખૂબ ટૂંકમાં યોહાનનું વર્ણન કર્યું છે : "યોહાન ઊંટના વાળનો ખરબચડો ઝભ્ભો પહેરતા, કેડે ચામડાનો પટો બાંધતા અને તીડ અને રાની મધ ખાતા" (માર્ક ૧,૬).

યોહાન ઇસુના છડીદાર તરીકે ઘોષણા કરે છે અને ઇસુને સ્નાનસંસ્કાર આપે છે. "મારી પાછળ મારા કરતાં વધુ શકિતશાળી પુરુષ આવી રહ્યો છે: હું તો નીચે નમીને તેનાં પગરખાંની વાધરી છોડવાને પણ લાયક નથી. મેં તો તમને પાણી વડે સ્નાનસંસ્કાર કરાવ્યો છે, પણ તે તમને પવિત્ર આત્મા વડે સ્નાનસંસ્કાર કરાવશે.

"એ અરસામાં એવું બન્યું કે ગાલીલ પ્રાન્તમાંના નાસરેથ ગામમાંથી ઇસુ આવ્યા અને યોહાને તેમને યર્દન નદીમાં સ્નાનસંસ્કાર કરાવ્યો.

"પાણીમાંથી બહાર આવતા હતા ત્યાં તેમણે આકાશ ફાટતું જોયું અને પવિત્ર આત્માને પારેવાની પેઠે પોતાના ઉપર ઊતરતો જોયો, અને સાથોસાથ આકાશવાણી સંભળાઇ, 'તું મારો પુત્ર છે, મારો પ્રિયતમ પુત્ર છેઃ તારા ઉપર હું પ્રસન્ન છું '" (માર્ક ૧, ૭-૧૧).

ઇસુના છડીદાર તરીકે યોહાનનું કામ પ્રભુ ઇસુનો માર્ગ તૈયાર કરવાનો છે. યોહાનનો પરિચય આપતાં ચારેય શુભસંદેશકારો પયગંબર યશાયાના શબ્દો ટાંકયા છે કે, "અરણ્યમાં કોઇનો પોકાર સંભળાય છે, 'પ્રભુને માટે માર્ગ તૈયાર કરો. તેના રસ્તા સીધા કરો.'" (માથ્થી ૩:૩).

છડીદારનો પોકાર સ્પષ્ટ છે, "હૃદયપલટો કરો, કારણ, ઇશ્વરનું રાજય આવી પહોંચ્યું છે!" (માથ્થી ૩,૧). માથ્થી અને માર્ક યોહાનને ખૂબ અસરકારક વકતા તરીકે રજૂ કરે છે. છડીદારનો પોકાર સાંભળીને "યરુશાલેમમાંથી, આખા યહૂદિયા પ્રાન્તમાંથી અને યર્દન નદી આસપાસના આખા પ્રદેશમાંથી લોકો ઊમટીને તેમની પાસે આવતા અને પોતાનાં પાપોની કબૂલાત કરી યર્દન નદીમાં તેમને હાથે સ્નાનસંસ્કાર લેતા." (માથ્થી ૩, ૫-૬).

યોહાન માટે સ્નાનસંસ્કાર પોકળ ધર્મવિધિ નથી. પણ સ્નાનસંસ્કાર માણસના હૃદયપલટા દ્વારા થતા સાચા જીવનપલટાનું પ્રતીક છે. એટલે તેઓ સ્નાનસંસ્કાર માટે આવતા લોકોને હૃદયપલટાને શોભે એવા કાયોર્ બતાવવાનો પડકાર આપે છે. "જયારે તેમણે અનેક ફરોશીઓ અને સદૂકીઓને સ્નાનસંસ્કાર માટે આવતા જોયા, ત્યારે તેમણે તેમને કહ્યું, 'હે સર્પનાં સંતાનો! માથે ઝઝૂમતી સજામાંથી બચી શકશો એવું તમને કોણે કહ્યું? હૃદયપલટાને શોભે એવાં કાયોર્ બતાવો અને એવે ભરોસે ન રહેશો કે, અમે તો અબાહામના વંશજો છીએ;' કારણ, હું તમને કહું છું કે, ઇશ્વર તો આ પથ્થરોમાંથી અબાહામને માટે બાળકો સર્જી શકે તેમ છે" (માથ્થી ૩, ૭-૯).

સંત યોહાનકૃત શુભસંદેશ સ્નાનસંસ્કારક યોહાનને ઇસુના સાક્ષી તરીકે ભારપૂર્વક રજુ કરે છે. "ઇશ્વરનો મોકલેલો એક માણસ આવ્યો હતો. તેનું નામ યોહાન હતું. એ માણસ સાક્ષી તરીકે, પ્રકાશની સાક્ષી પૂરવા આવ્યો હતો, જેથી બધા માણસો એની મારફતે શ્રદ્ધા ધરાવતા થાય. એ પોતે પ્રકાશ નહોતો, પણ એ તો પ્રકાશનો સાક્ષી હતો" (યોહાન ૧, ૬-૮).

દરેક શુભસંદેશમાં કેન્દ્રસ્થાને પ્રભુ ઇસુ છે. સ્નાનસંસ્કારક યોહાનનું સ્થાન ઇસુ પછી બીજા નંબરે ગણી શકાય છે. એટલે સંત યોહાન કહે છે કે, સ્નાનસંસ્કારક યોહાન "પોતે પ્રકાશ નહોતો, પણ એ તો પ્રકાશનો સાક્ષી હતો." યોહાનકૃત શુભસંદેશમાં સ્નાનસંસ્કારક યોહાન હમેશાં જાણે ઇસુ તરફ આંગળી ચીંધે છે.

સ્નાનસંસ્કારક યોહાનની સાક્ષી વિશે સંત યોહાન નોંધે છે, "યોહાનની સાક્ષી આ રહી: જયારે યહૂદીઓએ યરુશાલેમમાંથી પુરોહિતોને અને પુરોહિતસહાયકોને 'તમે કોણ છો?' એમ પૂછવા તેમની પાસે મોકલ્યા, ત્યારે તેમણે કબૂલ કર્યું, ચોખ્ખેચોખ્ખું કબૂલ કર્યું કે, 'હું ખ્રિસ્ત નથી.'

"તે લોકોએ પૂછયું, 'તો તમે કોણ છો? એલિયા છો?'

"ત્યારે તેમણે કહ્યું, 'ના.'

"તો જેનું આગમન થવાનું છે તે પયગંબર છો?

"ત્યારે તેમણે જવાબ આપ્યો, 'ના.'

"એટલે તે લોકોએ તેમને કહ્યું, 'તો તમે છો કોણ? જવાબ આપો, જેથી અમને જેમણે મોકલ્યા છે તેમને અમે જણાવીએ. તમારા પોતા વિશે તમે શું કહો છો?'

"તેમણે પયગંબર યશાયાના શબ્દોમાં કહ્યું, 'હું તો 'પ્રભુના રસ્તા સીધા કરો' એવું અરણ્યમાં પોકારનારનો અવાજ છું!

"આવેલા માણસોમાં કેટલાક ફરોશીઓ હતા. તેમણે યોહાનને પૂછયું, 'જો તમે ખ્રિસ્ત પણ નથી, એલિયા પણ નથી, તેમ પયગંબર પણ નથી, તો પછી તમે સ્નાનસંસ્કાર કેમ કરાવો છો?'

"યોહાને તેમને જવાબ આપ્યો, 'હું પાણીથી સ્નાનસંસ્કાર કરાવું છું, પણ તમારી વચ્ચે એક જણ એવો છે, જેને તમે ઓળખતા નથી; તે મારી પાછળ આવનાર છે, અને હું તો તેનાં પગરખાંની વાઘરી છોડવાને પણ લાયક નથી" (યોહાન ૧, ૧૯-૨૭).

સ્નાનસંસ્કારક યોહાનના પ્રેર્યા એમના બે શિષ્યો ઇસુ પાછળ જાય છે અને ઇસુના શિષ્ય બને છે. "બીજે દિવસે ઇસુને પોતા તરફ આવતા જોઇને યોહાન બોલી ઊઠયા, 'જુઓ, પેલું ઇશ્વરનું ઘેટું!' એ દુનિયાનું પાપ હરી લેનાર છે. એને જ વિશે હું કહેતો હતો કે, 'મારી પાછળ એવો એક માણસ આવે છે જેનું સ્થાન મારા કરતાં આગળ છે, કારણ, હું જન્મ્યો તે પહેલાં પણ તે હતો જ.' હું પોતે એને ઓળખતો નહોતો. પણ

પાણીથી સ્નાનસંસ્કાર કરાવવા હું આવ્યો તેનો હેતુ એ જ હતો કે, ઇસાયલ આગળ તે પ્રગટ થાય.

"પછી યોહાને પ્રતિજ્ઞાપૂર્વક જણાવ્યું, 'મેં પવિત્ર આત્માને પારેવાના રૂપમાં આકાશમાંથી ઊતરતો અને એના ઉપર બેસતો જોયો છે. હું પોતે પણ એને ઓળખતો નહોતો, પણ જેણે મને પાણીથી સ્નાનસંસ્કાર કરાવવાને મોકલ્યો હતો, તેણે મને કહ્યું હતું, 'જયારે તું પવિત્ર આત્માને કોઇની ઉપર ઊતરતો અને બેસતો જુએ ત્યારે જાણવું કે પવિત્ર આત્માથી જે સ્નાનસંસ્કાર કરાવવાનો છે તે એ છે.' મેં નજરોનજર એ જોયું છે, અને હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે, એ ઇશ્વરનો પુત્ર છે.

"બીજે દિવસે ફરીથી યોહાન બે શિષ્યો સાથે ઊભા હતા ત્યારે ઇસુ તેમની પાસે થઇને જતા હતા. તેમના ઉપર નજર ઠેરવીને યોહાને કહ્યું, 'જુઓ, પેલું ઇશ્વરનું ઘેટું!'

"પેલા બે શિષ્યો એમને આ પ્રમાણે બોલતા સાંભળીને ઇસુની પાછળ પાછળ ગયા" (યોહાન ૧, ૨૯-૩૭).

સંત યોહાનકૃત શુભસંદેશ મુજબ બંને સ્નાનસંસ્કારક યોહાન અને ઇસુ એકજ સમયે લોકોને સ્નાનસંસ્કાર કરાવે છે. "ઇસુ પોતાના શિષ્યો સાથે યહૂદિયાના પ્રદેશમાં ગયા અને ત્યાં તેમની સાથે રહીને સ્નાનસંસ્કાર કરાવવા લાગ્યા. યોહાન પણ શાલીમ પાસે એનોન મુકામે સ્નાનસંસ્કાર કરાવતા હતા, કારણ, ત્યાં પુષ્કળ પાણી હતું. અને લોકો આવતા હતા અને સ્નાનસંસ્કાર પામતા હતા. યોહાનને હજી કેદમાં પૂર્યા નહોતા" (યોહાન ૩, ૨૨-૨૪).

એક વાર સ્નાનસંસ્કારક યોહાનના શિષ્યોએ એમને ફરિયાદ કરી કે ઇસુ 'સ્નાનસંસ્કાર કરાવે છે અને બધા માણસો તેની પાસે આવે છે,' ત્યારે 'યોહાને જવાબ આપ્યો, 'ઇશ્વરે જેને જે આપ્યું તે ખરું. તમે પોતે જ સાક્ષી છો કે મેં એમ કહ્યું હતું કે, હું ખ્રિસ્ત નથી. મને તો તેમના અગદૂત તરીકે મોકલ્યો છે... તેમનું મહત્ત્વ વધવું જોઇએ અને મારું ઘટવું જોઇએ'" (યોહાન ૩, ૨૭-૨૮, ૩૦).

દેખીતી રીતે સ્નાનસંસ્કારક યોહાન અને ઇસુ અરસપરસ ખૂબ કદર કરતા હતા. બે શુભસંદેશકારો માથ્થી અને લૂક ઇસુએ સ્નાનસંસ્કારક યોહાનની કરેલી પ્રશસ્તિ ખાસ નોંધી છે.

માથ્થી, માર્ક અને લૂકે વર્ણન કર્યું છે તેમ રાજા હેરોદે પોતાના ભાઇ ફિલિપની પત્ની હેરોદિયાને પરણ્યા હતા અને યહૂદી લોકો સામે અન્ય ઘણા અત્યાચારો અને અધમોર્ કર્યા હતા. સ્નાનસંસ્કાર યોહાને હેરોદના અત્યાચારો અને અધમોર્ને જાહેરમાં વખોડી કાઢયા હતા. માર્ક નોંધે છે તેમ "એ હેરોદિયાને ખાતર હેરોદે યોહાનને પકડાવી

કારાગારમાં પૂર્યા હતા, કારણ, યોહાને તેને કહ્ ્ ું હતું કે, 'તારા ભાઇની સ્ત્રી સાથે રહો છો એ અધર્મ છે'" (માર્ક ૬, ૧૭-૧૮).

હવે હેરોદના કારાગારમાં મહિનાઓ સુધી રહેતાં સ્નાનસંસ્કારક યોહાન ઇસુ વિશે પોતાના શિષ્યો પાસેથી ઘણી વાતો સાંભળે છે અને તેમને શંકા થાય છે કે પોતે 'પેલું ઇશ્વરનું ઘેટું' કહીને સાક્ષી પૂરેલા ઇસુ જ ઇશ્વરના અભિષિકત ખ્રિસ્ત છે કે નહિ. એટલે એ શંકા દૂર કરતી સત્ય હકીકત જાણવા તેઓ પોતાના બે શિષ્યોને ઇસુ પાસે મોકલે છે અને પુછાવે છે,"જેમનું આગમન થવાનું છે તે આપ જ છો કે અમારે બીજાની રાહ જોવાની છે?" (માથ્થી ૧૧,૩).

આવનાર મસીહા કે ખ્રિસ્ત વિશે બાઇબલમાં કેટલાક ઉલ્લેખ છે. એ ઉલ્લેખનો નિદેર્શ કરતાં યોહાનના બે શિષ્યોને ઇસુ જવાબ આપે છે: "તમે જે સાંભળો છો અને જુઓ છો તે યોહાનને જઇને કહો: આંધળાં દેખતાં થાય છે, લંગડાં ચાલે છે, કોઢિયાં સાજાં થાય છે, બહેરાં સાંભળે છે, મરેલાં સજીવન થાય છે, અને દીનજનોને શુભસંદેશ સંભળાવવામાં આવે છે. અને મારે લીધે જેની શ્રદ્ધા ડગતી નથી તે પરમસુખી છે!" (માથ્થી ૧૧, ૪-૬).

સ્નાનસંસ્કારક યોહાનના બે શિષ્યો ગયા પછી ઇસુએ પોતાની આસપાસ ભેગા થયેલા લોકોને યોહાન વિશે કહેવા માંડયું. "એ જ માણસને (યોહન) વિશે શાસ્ત્રમાં લખ્યું છે કે, 'જો, હુ મારા દૂતને તારી આગળ મોકલું છું. એ તારી આગળ જઇને તારો માર્ગ તૈયાર કરશે.' હું તમને ખાતરીથી કહું છું કે, સ્નાનસંસ્કારક યોહાન કરતાં મોટો માનો જણ્યો ધરતીના પડ ઉપર પેદા થયો નથી; અને તેમ છતાં ઇશ્વરના રાજયમાંનો અદનામાં અદનો આદમી પણ એનાં કરતાં મોટો છે" (માથ્થી ૧૧, ૧૦-૧૧). યોહાનની પ્રશંસા કરવા સાથે ઇસુએ ભગવાન પર શ્રદ્ધા રાખનાર દરેક માણસની પ્રશંસા કરી!

પોતાના બે શિષ્યો દ્વારા ઇસુનો જવાબ સાંભળીને યોહાન ખુશ થયા હશે અને પોતાના રહ્યાસહ્યા શિષ્યોને પણ ઇસુના શિષ્યો થવા માટે સમજાવીને ઇસુ પાસે મોકલ્યાં હશે. ત્યાર પછી એટલે ઇસુના જાહેર જીવનની શરૂઆતમાં જ યોહાનનો શહાદત થયો હશે.

સ્નાનસંસ્કારક યોહાનની શહાદતની વાત માથ્થી અને માકેર્ વર્ણવી છે. સ્નાન સંસ્કારક યોહાને રાજા હેરોદ અને તેમને પરણેલી તેમના ભાઇની પત્ની હેરોદિયાસના અધર્મને વખોડી કાઢયો હતો. એટલે  હેરોદ અને હેરોદિયાસ યોહાનને મારી નાખવા તાકતાં હતાં. "પણ તેમને લોકોની બીક લાગી, કારણ તેઓ યોહાનને પયગંબર માનતા હતા" (માથ્થી ૧૪, ૫).

પરંતુ હેરોદની વરસગાંઠની ઉજવણી વખતે ખોટી દાનતથી હેરોદિયાસ અને એની દીકરીની માગણીને વશ થઇને હેરોદે "કારાવાસમાં યોહાનનો શિરચ્છેદ કરાવ્યો અને યોહાનના શિષ્યોએ આવીને તેમનું શબ લઇ જઇ તેને દફનાવ્યું" (માથ્થી ૧૪, ૬-૧૨).

છેલ્લે, ઇસુએ સ્નાનસંસ્કારક યોહાન વિશે આપેલી સાક્ષી અહીં આપું છું : "યોહાન તો ઝળહળ ઝળહળ બળતો દીવો હતો." (યોહાન ૫,૩૫).

ખ્રિસ્તી ધર્મ અને છેલ્લા બે હજાર વર્ષના માનવ ઇતિહાસ પર સ્નાનસંસ્કારક યોહાનની અસર જોઇ શકાય છે. લિયોનાર્દ દ વિન્ચી, બોત્તિચેલ્લી, કરાવાજિયો, દોનાતેલ્લો, માઇકલ આંજેલો અને ટાઇટાન જેવા જાણીતા ચિત્રકલાકારોએ સ્નાનસંસ્કારક યોહાનના પાત્રને પોતપોતાના સુન્દર ચિત્રોથી અમર બનાવ્યા છે. આખી દુનિયામાં ખ્રિસ્તીઓ સ્નાસંસ્કારક યોહાનની ભકિત કરે છે.